2023

QUESTION PAPER

AGLASEM.COM

GUJARATI

Maximum Marks: 80
Time Allowed: Three hours

*(Candidates are allowed **additional 15 minutes** for **only** reading the paper.*
*They must **NOT** start writing during this time.)*

*Answer **Questions 1, 2 and 3 in Section A** and **four** questions from **Section B** on **any three** out of the four prescribed textbooks.*

The intended marks for questions or parts of questions are given in brackets [ ].

SECTION A

LANGUAGE - 40 MARKS

Question 1 **[15]**

Write a composition in approximately 400 words in Gujarati on any *one* of the topics given below.

નીચે આપેલા વિષયોમાંથી કોઇપણ એક વિષય પર ગુજરાતીમાં આશરે 400 શબ્દોમાં નિબંધ લખો:

(i) વૃક્ષો એ ધરતીનો શણગાર છે. આપણે વૃક્ષની ઉપયોગિતા સંરક્ષણ અને સંવર્ધન કઇ રીતે, શામાટે કરવું જોઇએ ?

(ii) 'જ્યાં નારીનું સન્માન છે ત્યાં દેવતાઓનો વાસ છે.' આ કથન ની ચર્ચા કરો.

(iii) "ડિઝિટલ ઇન્ડિયા" એ દરેકની જીવનશૈલી ધરમૂળથી બદલી નાખી છે તેની વિરુદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

(iv) તમારી આસ-પાસ શ્રમજીવી , જેમ કે ઘર-નોકર , ડ્રાઇવર , સફાઇ કામદાર – કે બેગારી નું જીવન કવન તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

(v) આ જગત પર મારુ રાજ હોય તો .....

(vi) નીચે આપેલા વિષયમાંથી કોઇપણ એક વિષય પર મૌલિક વાર્તા કે પ્રસંગ લખો.

(a) 'મેં જૂના ફોટાનું આલ્બમ ખોલીને જોયું, ને .... 'આ વાક્યને આધારે કોઇ એક બનાવ કે ઘટનાનું વર્ણન કરો.

(b) મારા જીવનનો વળાંક

© Copyright reserved.

Question 2

Read the passage given below carefully and answer the questions that follow, using your own words in Gujarati:

નીચે આપેલ પરિચ્છેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.

એક ગામમાં એક પોસ્ટમેન ઘરે ઘરે જઇ ટપાલ પહોંચાડતો. એક દિવસ એક ઘર પાસે પહોંચી એણે અવાજ આપ્યો, પોસ્ટમેન....

અંદરથી એક છોકરીનો અવાજ આવ્યો, 'જરા થોડી રાહ જુઓ હું આવું છું.' બે મિનિટ થઇ પાંચ મિનિટ થઇ પરંતુ દ્વાર ન ખૂલ્યું. એટલે પોસ્ટમેન થોડો ગુસ્સે થયો અને જોરથી બોલ્યો, 'કોઇ છે ઘરમાં ? ટપાલ આપવી છે.'

અંદરથી છોકરીનો અવાજ આવ્યો, 'કાકા, દરવાજાની નીચેથી ટપાલ સેરવી દો, પછી હું લઇ લઇશ.' પોસ્ટમેને કહ્યું ,'રજીસ્ટર પોસ્ટ છે એટ્લે સહી જોઇશે.'

પાંચ મિનિટ થઇ પોસ્ટમેન અવાજ આપે તે પહેલા દ્વાર ખૂલ્યું. દરવાજામાં છોકરીની દશા જોઇ પોસ્ટમેનને જોરદાર ઝટકો લાગ્યો. કારણ, બે પગે અપંગ તરૂણી નજર સમક્ષ ઊભી હતી. જે બે કાઠીની મદદથી યાલીને આવતા મોડુ થયું હતું. આ જોઇ પોસ્ટમેનને પોતાના વર્તન ઉપર અફસોસ થયો અને પત્ર આપી ત્યાંથી નીકળી ગયો.

આવી જ રીતે કોઇ કોઇ વખત છોકરીની ટપાલ આવતી અને પોસ્ટમેન બહાર વાટ જોઇ ઊભો રહેતો કારણ તે છોકરીની વ્યથા સમજતો.

અચાનક પોસ્ટમેન આજે પગમાં ચપ્પલ પહેર્યા વગર ટપાલ આપવા આવ્યો તે છોકરીએ જોયું પણ કઇ બોલી નહીં. માત્ર પોસ્ટમેન ગયા પછી દરવાજા આગળ પડેલા ઉઘાડા પગના નિશાન સ્પષ્ટપણે દેખાઇ આવતા હતા તેના ઉપર કાગળ મૂકી તે નિશાનનું માપ લઇને ગામના ચર્મકાર પાસે કાઠીની મદદે ધીરે ધીરે પહોંચી અને કહ્યું, 'કાકા મારે આ માપની પુરુષની ચપ્પલ બનાવવી છે તો આપ મને દિવાળી પહેલા આપશો તો આભારી રહીશ.'

ચર્મકારને પૈસા આપી છોકરી સરસ મજાની ચપ્પલ બોક્સમાં લઇ ઘરે આવી. રીવાજ પ્રમાણે પોસ્ટમેન ગામમાં જઇ દિવાળીની બક્ષિશ ભેગી કરતા કરતાં છોકરીના ઘર આગળથી પસાર થતાં તેને મનમાં વિચાર આવ્યો કે, 'આ પહેલેથી જ દિવ્યાંગ છે તો આ શું આપવાની હતી ?' છતાં તેને થયું, ચાલ એના ખબર પૂછી લઉં !! એ, પોસ્ટમેન ... અવાજ આપી ઊભો રહ્યો . છોકરીએ આવી દરવાજા પાસે મૂકેલ બોક્સ પોસ્ટમેનને આપતા કહ્યું 'આ મારા તરફથી દિવાળીની બક્ષિશ છે.'

ઘરે આવી પોતાના માપના ચપ્પલની જોડ જોઇ તેની આંખોમાં આંસુ આવ્યા. તેને 'એક દિવ્યાંગ બક્ષિશ શું આપશે ?' એ વિચારે પસ્તાવો થયો. તેને છોકરીની પોતા માટેની લાગણીની કિમત સમજાઇ.

બીજે જ દિવસે તેણે પોસ્ટ-માસ્ટરને પોતાના ફંડમાથી દસ હજારની લોન માટે અરજી કરી. પોસ્ટ-માસ્તરે કારણ પૂછતાં તેણે 'જયપુર ફૂટ' (લાકડાના પગ) લેવાનું જણાવ્યુ.

સાહેબે કહ્યું,'તારો દીકરો તો હટ્ટો – કટ્ટો છે , કોના માટે લેવા છે ?'

'સાહેબ, જે મારા છોકરાને ન સમજાયું, તે એક પારકી દિવ્યાંગ છોકરીએ મારા ઉઘાડા પગનું દુઃખ ઓછું કર્યું. તેને મદદ કરવા હું કર્જ ન લઉં એટલો સ્વાર્થી નથી જ.' આ સાંભળી સાહેબ અને સ્ટાફ નિઃશબ્દ થઇ ગયા.

પોસ્ટમેને જયપુર ફૂટની ભેટ દિવ્યાંગ દીકરીને આપી ત્યારે દીકરી પણ નિઃશબ્દ થઇ આ દેવદૂત બનીને આવેલ વડીલને ભેટી પડી.

સંબંધ ફક્ત લોહીના નથી હોતા પણ બીજા માટે કઈ કરી છૂટવાની ભાવના રક્તમાં પણ હોવી જોઈએ.

પ્રશ્નો:

(i) પોસ્ટમેન શાથી ગુસ્સે થયો ? તેને પોતાના વર્તન પર અફસોસ કેમ થયો ? **[3]**

(ii) છોકરીએ પોસ્ટમેનને કઈ રીતે મદદ કરી ? તે માટે તેનો કેવો મનોભાવ રજૂ થયો છે ? **[3]**

(iii) પોસ્ટમેન એ છોકરીએ આપેલ ભેટની કીંમત કેમ ન આંકી શક્યો ? તેણે તે છોકરીનું કરજ પૂરું કરવા શા પ્રયત્નો કર્યા ? **[3]**

(iv) 'પોસ્ટમેને વિચાર્યું તે દિવ્યાંગ છે તો શું આપવાની ?'

(a) આ વાક્યમાં કેવો ભાવ વ્યક્ત થયો છે ? **[1]**

(1) અફસોસનો ભાવ

(2) છોકરીની લાચારીનો ભાવ

(3) કોઈ અપેક્ષા ન રાખવાનો ભાવ

(4) બક્ષિશ ન જ મળવાનો ભાવ

(b) છોકરીની દશા જોઈ પોસ્ટમેનને જોરદાર ઝટકો લાગ્યો કારણ .... **[1]**

(1) તેના હાથમાં કાઠી જોઈ.

(2) બે પગે અપંગ તરુણીને જોઈ.

(3) તે છોકરીની વ્યથા સમજતો હતો.

(4) તેને આવતા વાર લાગી તેથી.

(c) પોસ્ટમેનને જયપુર ફૂટ લેવા હતા કારણ ..... **[1]**

(1) કોઈને દાન કરવા.

(2) દિવ્યાંગ છોકરીએ માંગ્યા.

(3) દીકરાને પાઠ ભણાવવા.

(4) સમજદાર છોકરીએ પોતાનું દુઃખ ઓછું કરવા બદલ.

(v) 'સંબંધ ફક્ત લોહીના નથી હોતા....'

(a) આ સંબંધને તમે શું નામ આપશો ? **[1]**

(1) સંબંધ ટકાવી રાખવા માટે પણ હોય.

(2) લેણા-દેણીના હોય.

(3) વ્યવહાર સાચવવા પૂરતા પણ હોય.

(4) કૈંક કરી છૂટવાની ભાવના રક્તમાં હોય.

(b) દિવ્યાંગ દીકરીને ભેટ આપ્યા બાદ દેવદૂત બની આવેલ વડીલને દીકરી ભેટી પડી કારણ ..... [1]

(1) તેને પોકેટ-મની મળ્યા.

(2) છોકરીને ઘર ખરીદવા પૈસા આપ્યા.

(3) પોસ્ટમેને તેને પોતાને ઘરે સાથે રહેવા જવા કહ્યું.

(4) એક પોસ્ટમેનની નિ:સ્વાર્થ લાગણી માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા.

(c) અહીં સાચા અર્થમાં 'દિવ્યાંગ' શબ્દનો અર્થ શું કહેશો? [1]

(1) જાતે કાંઇ જ ન કરી શકે

(2) પથારીવશ વ્યક્તિ

(3) પોતાની દિવ્ય સૂઝ અને લાગણીથી બીજાને મદદ કરનાર વ્યક્તિ

(4) હમેશા પોતે દેવદૂત છે એવું માનનાર

Question 3

Do as directed.

સૂચના અનુસાર કરો.

નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો:

(i) છનમીન સાડે તીન [1]

(ii) નીચે આપેલી કહેવતમાં યોગ્ય શબ્દોનો ઉપયોગ કરી પૂર્ણ કરો: [1]
ડાહી સાસરે .....

(iii) ખાલીજગ્યામાં યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાક્ય પૂર્ણ કરો [1]
નિયમિત અભ્યાસ કરવા માતાની ..... તોય અક્ષય માન્યો નહીં.

(a) થાકી ગઇ

(b) જીભના કુચા વળ્યા

(c) પરેશાન થઇ

(d) નાકે દમ આવ્યો

(iv) વિધ્યાર્થીઓએ હમેશા બૂરી આદતો અને ખોટું બોલનારાઓને ..... કરવા. [1]

(a) દૂર રહેવું

(b) વાત ન કરવી.

(c) નવ ગજના નમસ્કાર.

(d) દૂરથી ડુંગર રળિયામણા.

(v) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [1]

પવનનો અવાજ

(a) ઘુઘવાટ

(b) સૂસવાટ

(c) ઘરઘરાટ

(d) વસવાટ

(vi) કંજૂસ [1]

(a) ઉદાર.

(b) મખ્ખીચૂસ.

(c) કરકસર.

(d) જોઇએ તે કરતાં ઓછું વાપરનાર.

(vii) નીચે આપેલ કહેવતનો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો: [1]

ઉતાવળે આંબા ન પાકે

(viii) નીચે આપેલા એક શબ્દ માટે શબ્દસમૂહ આપો: [1]

સાળાવેલી

(ix) નીચે આપેલા શબ્દો માટે યોગ્ય વિરોધી શબ્દ આપો: [1]

ખાનગી

(a) જાહેર

(b) ઢંઢેરો

(c) મહેર

(d) કહેર

(x) પુરુષાર્થ [1]

(a) જાતમહેનત

(b) ભાગ્ય

(c) પ્રારબ્ધ

(d) કમનસીબ

SECTION B

LITERATURE - 40 MARKS

*Answer **four** questions from this section on **any three** out of the four prescribed textbooks.*

બ વિભાગમાંના ***ચાર*** નિયત પાઠયપુસ્તકોમાંથી ***કોઈપણ ત્રણ*** પુસ્તકોમાંથી ચાર પ્રશ્નોના જવાબ આપો.

ગદ્ય સંચય (GADYA SANCHAY)

Question 4

'જી, ના પ્લેગ' ... બદરીનાથ વધારે બોલી શક્યો નહીં. 'મારુ ઝૂપડું ને ઝાડવા એ જ છોકરા છે. હવે છેલ્લાં બે-ચાર વર્ષ ત્યાં ગાળવા દો !'

'એ ફૂલિશમેન્ટલિસ્ટ !!!' (મૂર્ખ રોતલ) સાહેબે ડોસાના શબ્દોને માનસશાસ્ત્રમાં જોખી જોયા.

(i) બદ્રીનાથ કયે નામે ઓળખાતો ? એ શું કામ કરતો ? [1]

(ii) ફૂલિશમેંટલિસ્ટ કોણ કોને કહે છે ? શા માટે ? [2]

(iii) સુપરિન્ટેન્ડન્ટનો ટૂંકમાં પરિચય આપો.. [2]

(iv) 'વ્યક્તિના ખાનગી ભાવ-જીવનને શું કરે?' કથનમાં વ્યક્ત થતી ઉદાસીનતા આ વાર્તાને આધારે લખો. [5]

Question 5 [10]

હાસ્ય નિબંધ 'મોટું દુઃખ' માં વ્યક્ત થયેલ દુઃખ ન પડવાથી સુખી થવાને બદલે દુઃખી દુઃખી થઇ જીવ બાળતા લોકોનું એક ઉદાહરણ આપી 'મોટું દુઃખ' શીર્ષકની યથાર્થતા જણાવો.

Question 6 [10]

મધુ રાય કયા કયા લેખન ક્ષેત્રે પ્રસિદ્ધ છે ? તેમને મળેલ કોઇ પણ એક ચંદ્રકનો ઉલ્લેખ કરી પ્રસ્તુત વાર્તા 'કાન' ના અંતે પ્રકટ થયેલ કાન વિષેની હરિયાની ફિલસૂફીમાં પ્રકટ થયેલ લાચારી રજૂ કરો.

પદ્ય સંચય (PADHYA SANCHAY)

Question 7

'સ્વપનોમાં ભમતાં સૌને સાદે એ ચમકવિયાં;
બીડેલાં નયનોને સૌ ,સાધુએ કરિયા ખૂલાં,
સાધુ સાદે નરપતિ તણાં અંતરે એમ થાતું:
'સત્તા શી આ પળ –વિપળની ? રાજ્યના ભોગ શા આ ?'

(i) ઉપરના કાવ્યનું નામ શું છે ? આ કવિનું નામ લખો. [1]

(ii) 'સત્તા શી આ પળ-વિપળની .....' કાવ્યપંક્તિ સમજાવો. [2]

(iii) બીડેલાં નગરજનો ના નયનો કઇ હાંકથી ખૂલી ગયાં ? [2]

(iv) બૌદ્ધ સાધુને સૌથી શ્રેષ્ઠ ભેટ કોણે આપી ? આ કાવ્યના શીર્ષકને મૂલવો. [5]

Question 8 [10]

'તારો મેવાડ મીરાં છોડશે' કાવ્યનું રૂપક સમજાવો. કવિનું નામ જણાવી તેમને મળેલ કોઇપણ બે સુવર્ણ ચંદ્રકોનો ઉલ્લેખ કરો.

Question 9 [10]

સુભાષિતો અને દુહા આપણને કઇ કઇ રીતે ઉપયોગી બની રહે છે ?
તમે ભણી ગયેલ સુભાષિત અને દુહામાંથી કોઇ એક લખી તેનો વિચાર-વિસ્તાર કરો.

આંધળી ગલી (AANDHLI GALI)

Question 10

'હું જ કુંદનબહેન, શું કામ છે?'

કેળાની છાલ પરથી લપસી પડેલો પરેશ માંડ માંડ બુદ્ધિ ઠેકાણે આણીને ગજવામાંથી જાહેરખબરની કાપલી બહાર કાઢવા લાગ્યો.

'આ ... આ જાહેરખબર.'

'મેં જ આપી હતી, બોલો.'

'જી. મને- એટ્લે કે હું મુંબઈમાં જગ્યા શોધતો હતો.'

(i) પરેશ કુંદનબહેનના ઘરે કેમ જઇ પહોંચ્યો ? [1]

(ii) કુંદનબહેનનો દેખાવ કેવો હતો ? [2]

(iii) પરેશે પોતાને ઘરની જરૂરિયાતના શા કારણો આપ્યા ? [2]

(iv) પરેશને કુંદનની કઈ વાત માટે અજુગતું લાગ્યું ? કુંદનબહેને ઘર ભાડે આપવા બદલ કોને શા માટે મળવા કહ્યું ? [5]

Question 11 [10]

પરેશ પ્રથમ વખત મુંબઈ આવ્યા પછી ત્યાંની જીવનશૈલી વિષે શું અનુભવતો ?

Question 12 [10]

પૂનમચંદ કોણ હતા ? તે કુંદનબહેનને કઈ રીતે મદદરૂપ થતાં ? રતિલાલનો પરિચય આપો.

ચિનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ
(CHINU MODINA PRATINIDHI EKANKIO)

Question 13

'હું દ્રૌપદી. પાંચ-પાંચ પતિ છતાં સતી. મારો દર્પ એ તો મારૂ અસ્તિત્વ છે. મારૂ વેર મારું ચાલકબળ છે. ન આવું સ્વર્ગ પણ, તે ત્યજીને. રાજા યુધિષ્ઠિર, તમે એક ક્ષણ માટે તો એક ક્ષણ માટે અર્ધસત્ય ઉચ્ચાર્યા – તમે એક ક્ષણ તમે ન રહ્યા.'

(i) ઉપરનો સંવાદ કઈ એકાંકીમાંથી લેવાયો છે અને કોને માટે કહેવાયો છે ? [1]

(ii) દ્રૌપદી પોતાને સતી શા માટે કહે છે ? [2]

(iii) યુધિષ્ઠિરે ક્યારે કયું અર્ધ સત્ય ઉચ્ચાર્યું હતું ? [2]

(iv) આ એકાંકીમાં દ્રૌપદી સદેહે સ્વર્ગે ન જવાની ઇચ્છા કેવા રોષ સાથે કઈ રીતે વ્યક્ત કરે છે ? સમજાવો. [5]

Question 14 [10]

'હાજરાહજૂર' માં વ્યક્ત થયેલ પૂજારી-માતા વચ્ચેના સંવાદોને તમારા શબ્દોમાં વ્યક્ત કરી તેનું હાર્દ સમજાવો.

Question 15 [10]

માનવીની સમય પરવશતા, વિરાટ સમય સામેના મનુષ્યના વામણાપણાને પ્રકટ કરનારી 'ડાયલના પંખી' ની પાત્ર વેધકતા તમારા શબ્દોમાં રજૂ કરો.

aglasem.com